### ૧૧૦ જેટલાં વાહનો કપાસ લઈને જલારામ કોટન જીન પહોંચ્યાં

## હાંડોદ જીનમાં કપાસની ખરીદીના મુહૂર્તમાં રૂ. ૯૦૨૧નો ભાવ નોંધાયો, ૧૧૩૪ ક્વિન્ટલની આવક

**સારા** ભાવથી આગામી દિવસોમાં કપાસની આવક વધવાની શક્યતા





(પ્રતિનિધિ) સંખેડા, તા.26

સંખેડા તાલુકાના હાંડોદ ખાતે આવેલી જલારામ કોટન જીન પ્રોસેસિંગ ફેક્ટરીમાં આજે કપાસની ખરીદીનું શુભ મુહૂર્ત કરવામાં આવ્યું હતું. ખરીદીના પ્રથમ દિવસે જ પ્રતિ ક્વિન્ટલ રૂ. 9021નો ઊંચો ભાવ નોંધાતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. સારા ભાવ સાથે ખરીદીનો પ્રારંભ થતાં કપાસ ઉત્પાદકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

મુહૂર્તના દિવસે અંદાજે 1134 ક્વિન્ટલ કપાસની આવક નોંધાઈ હતી. મેવાસ વિસ્તારમાં કપાસનું મોટા પ્રમાણમાં વાવેતર થતું હોવાથી હાંડોદ અને આસપાસના વિસ્તારોમાં અનેક કોટન જીનો આવેલી છે. કપાસની ખરીદી શરૂ થતાં જ ખેડૂતો પોતાનો પાક વેચવા માટે ટ્રેક્ટર અને છકડા સહિતનાં વાહનો લઈને જીન ખાતે પહોંચ્યા હતા.

જલારામ કોટન જીનમાં ખરીદીના પ્રથમ દિવસે આશરે 110 જેટલાં વાહનો કપાસ લઈને આવ્યાં હતાં. મુહૂર્તના દિવસે જ પ્રતિ ક્વિન્ટલ રૂ. 9021નો ભાવ મળતાં ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી હતી. સારો ભાવ મળતાં ખેડૂતોને પોતાના પાકનું પોષણક્ષમ વળતર મળવાની આશા જાગી છે.

મેવાસ વિસ્તારના ખેડૂતો માટે કપાસ મહત્ત્વનો રોકડિયો પાક હોવાથી ખરીદીના પ્રારંભે મળેલા ભાવને મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. પ્રથમ દિવસે નોંધાયેલી કપાસની આવક અને મળેલા સારા ભાવને પગલે આગામી દિવસોમાં જીનમાં કપાસની આવક વધવાની શક્યતા છે. હવે ખેડૂતોની નજર આગામી દિવસોમાં બજારમાં કપાસના ભાવ કેવા રહે છે તેના પર રહેશે. કપાસના ભાવમાં સ્થિરતા જળવાય તો ખેડૂતોને ખેતીના ખર્ચ સામે સારું વળતર મળવાની આશા છે.

### રોડ પર ધૂળની ડમરીઓ અને કપચીના કારણે વાહનચાલકો મુશ્કેલીમાં

## પાવીજેતપુર-રંગલી ચોકડી રોડની અધૂરી કામગીરી સામે સવાલો, તહેવારોમાં પણ લોકો પરેશાન

**વહેલી** તકે ગુણવત્તાયુક્ત કામ પૂર્ણ કરવાની સ્થાનિકોની માંગ



(પ્રતિનિધિ) બોડેલી, તા.26

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુરથી રંગલી ચોકડી થઈ બોડેલી તરફ જતા મુખ્ય માર્ગની અધૂરી કામગીરીને લઈને સવાલો ઊભા થયા છે. લાંબા સમયથી માર્ગના નવીનીકરણની કામગીરી ચાલી રહી હોવા છતાં કામ પૂર્ણ ન થતાં વાહનચાલકો અને સ્થાનિક લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

ખાસ કરીને તહેવારોના દિવસોમાં પણ માર્ગની કામગીરી અધૂરી રહેતાં લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. રસ્તા પર ઉડતી ધૂળની ડમરીઓ અને પાથરવામાં આવેલી કપચીના કારણે વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે. ધૂળની સમસ્યાથી માર્ગની આસપાસ રહેતા લોકો પણ પરેશાન થઈ રહ્યા છે.

રતનપુર ખાતે વહીવટી તંત્રની અનેક મહત્ત્વપૂર્ણ કચેરીઓ આવેલી હોવાથી વિવિધ કામ અર્થે આવતા નાગરિકોને પણ આ માર્ગ પરથી પસાર થવું પડે છે. આવી સ્થિતિમાં અધૂરા રસ્તાના કારણે તેમની મુશ્કેલીઓમાં વધારો થયો છે.

માર્ગનું નવીનીકરણ સમયસર પૂર્ણ ન થતાં સંબંધિત તંત્રની કામગીરી સામે પણ સવાલો ઊભા થયા છે. સ્થાનિકોએ માર્ગની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા અને ગુણવત્તા જાળવવા માંગ કરી છે. તંત્ર દ્વારા તાત્કાલિક ધ્યાન આપી લોકોને ધૂળ અને કપચીની સમસ્યામાંથી મુક્તિ અપાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## સહકારી સંમેલનની પત્રિકામાં શિનોર સંઘના પ્રમુખનું નામ ગાયબ થતાં ચર્ચા

(પ્રતિનિધિ) શિનોર, તા. 26

શિનોર તાલુકાના પુનિયાદ ગામે ૨૭ ઓક્ટોબર, મંગળવારના રોજ કૃભકો, વડોદરા દ્વારા સહકારી શિક્ષણ સંમેલન અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જોકે, કાર્યક્રમની આમંત્રણ પત્રિકામાં શિનોર તાલુકા ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ ભાસ્કરભાઈ પુરોહિતનું નામ સામેલ ન કરાતાં સહકારી ક્ષેત્રમાં ચર્ચા ઊઠી છે.




પુનિયાદ ગામના રહેવાસી દિલીપભાઈ પટેલ બરોડા સેન્ટ્રલ બેંકના ડિરેક્ટર છે. જ્યારે આ જ ગામના મહેશભાઈ પટેલ શિનોર તાલુકા ખરીદ-વેચાણ સંઘના ઉપપ્રમુખ અને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ડિરેક્ટર છે. આ તમામ વ્યક્તિઓ ભાજપ સાથે સંકળાયેલા હોવાનો ઉલ્લેખ કરતાં આમંત્રણ પત્રિકામાં નામોની પસંદગી અંગે સવાલો ઊભા થયા છે.

કાર્યક્રમના નિમંત્રક અને કૃભકો, વડોદરાના ક્ષેત્રીય પ્રતિનિધિ દક્ષ સુદાણી દ્વારા તૈયાર કરાયેલી પત્રિકામાં તાલુકા ખરીદ-વેચાણ સંઘના પ્રમુખનું નામ કેમ રહી ગયું તે અંગે સહકારી આલમમાં ચર્ચા ચાલી રહી છે.

## પાદરાના ઘાયજની સીમમાં જુગાર રમતા ૮ શખ્સ ઝડપાયા

(પ્રતિનિધિ) પાદરા, તા.26

પાદરા તાલુકાના ઘાયજ ગામની સીમમાં વડોદરા ગ્રામ્ય LCBની ટીમે દરોડો પાડી પૈસાની હારજીતનો જુગાર રમતા આઠ શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસને ખેતરની ઓરડી નજીક બદામના ઝાડ પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. તેના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી.

પોલીસે સ્થળ પરથી રોકડા રૂ. 23,400, સાત મોબાઈલ ફોન અને પત્તાં સહિત કુલ રૂ. 83,400નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા આઠેય શખ્સો સામે પાદરા પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### કરોડોના ખર્ચે નાખેલી પાઇપલાઇન પણ નિષ્ફળ જતા ખેડૂતોમાં રોષ

## પરવેટા માઈનોર કેનાલમાં પાણી નહીં પહોંચતાં ખેડૂતો મુશ્કેલીમાં

**કૃષ્ણપુરા** અને સાંઢિયા ગામના ખેડૂતોને સિંચાઈનું પાણી ન મળતાં ઊભો પાક સુકાઈ રહ્યો છે



(પ્રતિનિધિ) નસવાડી, તા.26

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના કૃષ્ણપુરા તેમજ સાંઢિયા ગામના ખેડૂતોને પરવેટા માઈનોર કેનાલમાં પાણી ન આવતાં સિંચાઈ માટે પાણી મળતું નથી. નર્મદા નિગમ દ્વારા ખેડૂતોનાં ખેતરો સુધી પાણી પહોંચાડવા માટે કેનાલ બનાવવામાં આવી હતી, પરંતુ તેમાં પાણી ન આવતાં ખેડૂતોને સિંચાઈનું પાણી મળી શક્યું નથી. ત્યારબાદ ખેડૂતોને સિંચાઈનું પાણી મળી રહે તે માટે ખેતરોમાં પાઈપલાઈન નાખવામાં આવી, તેમ છતાં ખેડૂતોને પાણી મળ્યું નથી.

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાનાં કૃષ્ણપુરા તેમજ સાંઢિયા ગામ તાલુકાનાં છેવાડાનાં ગામો છે. આ ગામોના લોકો ખેતી પર નિર્ભર છે. નર્મદા નિગમ દ્વારા આ બંને ગામોના ખેડૂતોને સિંચાઈનું પાણી મળી રહે તે માટે પરવેટા માઈનોર કેનાલ મારફતે ખેડૂતોનાં ખેતરો સુધી પાણી પહોંચે તે માટે કેનાલ બનાવવામાં આવી હતી. પરંતુ વર્ષો સુધી કેનાલમાં પાણી ન પહોંચતાં નર્મદા નિગમ દ્વારા ફરીથી ખેડૂતોનાં ખેતરો સુધી પાણી પહોંચાડવા માટે પાઈપલાઈન નાખવામાં આવી હતી. જોકે, પાઈપલાઈન નાખવામાં આવ્યા બાદ પણ છેલ્લા ત્રણ વર્ષથી તેમાં પાણી આવતું નથી. આ વર્ષે વરસાદ ઓછો પડતાં ખેડૂતોને પાણીની તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

## પાદરામાં ઝેરી ગોળીઓ ખાઈ કેટરિંગના યુવકનું મોત

**પાદરા** પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) પાદરા, તા. 26

પાદરા ટાઉનના અક્ષર હાઈટ્સમાં રહેતા ૩૫ વર્ષીય યુવકે અનાજમાં નાખવાની ઝેરી ગોળીઓ ખાઈ લેતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પાદરા પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસમાં નોંધાયેલી વિગતો મુજબ, પાદરા ટાઉનના અક્ષર હાઈટ્સના બી-૨ ટાવરના મકાન નંબર ૫૦૪માં રહેતા અશોક મદનલાલ ચૌહાણ (ઉં.વ. ૩૫) કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. પોલીસની પ્રાથમિક વિગતો અનુસાર, તેમને પત્ની સાથે અવારનવાર બોલાચાલી અને તકરાર થતી હતી. આ બાબતનું મનમાં લાગી આવતાં તેમણે પોતાના ઘરે અનાજમાં નાખવાની ઝેરી ગોળીઓ ખાઈ લીધી હતી.

બનાવની જાણ થતાં પરિવારજનો તેમને સારવાર માટે ડભાસા નજીક આવેલી કોર્સરોડ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે, સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

આ બનાવ અંગે મૃતકના ભાઈ રાકેશ મદનલાલ ચૌહાણની જાણના આધારે પાદરા પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતની નોંધ કરવામાં આવી છે. પાદરા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. કાળાજી હેમાજી દ્વારા આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### ગુજરાતની લોકસંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખવાનો પ્રયાસ

## બોડેલીમાં 'દોડ 2.0' અંતર્ગત 'ચાંદો ઊગ્યો ચોકમાં' કાર્યક્રમમાં ગરબાની રમઝટ

(પ્રતિનિધિ) બોડેલી, તા.26

છોટાઉદેપુર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા 'દોડ 2.0' અંતર્ગત બોડેલીના ગજાનંદ પાર્ક સોસાયટી ખાતે શરદપૂર્ણિમાની ચાંદની રાત્રે 'ચાંદો ઊગ્યો ચોકમાં' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં પરંપરાગત રાસ-ગરબાની રમઝટ જામી હતી.

કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન, બોડેલી મામલતદાર અંજના બેન, એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ સાગર પ્રેમશંકર, પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખ, આર.એ.સી. ગોકલાની સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ



પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા અને મન મૂકીને ગરબે ઘૂમ્યા હતા.

સારથી બેન્ડના સિદ્ધરાજસિંહ ઝાલાના સંગીતમય સથવારે પરંપરાગત ગરબાની રમઝટ જામી હતી. આયોજકોના આમંત્રણને માન આપી બોડેલી સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ગરબાપ્રેમીઓ ઉમટી પડ્યા હતા.

ગુજરાતની સંસ્કૃતિ અને લોકપરંપરાને જીવંત રાખવા તેમજ પરિવાર અને મિત્રો સાથે સાંસ્કૃતિક ઉજવણીનો આનંદ માણવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં યશપાલસિંહ ઠાકોર, દીપકભાઈ, ચંચલભાઈ, પ્રિન્સિપાલ સુરેશભાઈ, પ્રિન્સિપાલ એકનાથ જાદવ સહિતના આગેવાનો પણ જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહભેર સંપન્ન થયો હતો.

## એકતાનગરમાં રાષ્ટ્રીય એકતા દિવસની પરેડનું અંતિમ રિહર્સલ પૂરજોશમાં

(પ્રતિનિધિ) વડોદરા, તા. 26

સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે એકતાનગર ખાતે 31 ઓક્ટોબર, 2026ના રોજ યોજાનારી 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ભવ્ય પરેડની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાનારા કાર્યક્રમ પહેલાં વિવિધ સુરક્ષા દળો દ્વારા અંતિમ રિહર્સલ કરવામાં આવી રહ્યું છે.

પરેડમાં CRPF, BSF, CISF, ITBP, SSB, આસામ રાઈફલ્સ, NSG અને NDRFના જવાનો જોડાશે. આસામ, મહારાષ્ટ્ર, પંજાબ, કેરળ સહિત વિવિધ રાજ્યોની પોલીસ ટુકડીઓ પણ માર્ચપાસ્ટમાં ભાગ લેશે.



પરેડમાં ગાર્ડ ઑફ ઑનર, NCC કેડેટ્સની માર્ચપાસ્ટ અને બેન્ડની દેશભક્તિપૂર્ણ ધૂનો આકર્ષણ જમાવશે. BSFની ડોગ સ્ક્વોડ અને જાંબાઝ મોટરસાઈકલ ટુકડીઓ પણ વિશેષ પ્રદર્શન કરશે. ઉપરાંત, નશામુક્તિનો સંદેશ આપતી 'ફાઈટ અગેઈન્સ્ટ ડ્રગ્સ' થીમ આધારિત બાઈક રેલી યોજાશે.

અંતિમ રિહર્સલમાં પરેડની શિસ્ત, સમયબદ્ધતા અને સંકલનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ ઉજવણી દ્વારા રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને દેશભક્તિનો સંદેશ જનજન સુધી પહોંચાડવાનો હેતુ છે.

### વળતર, વીમા કવચ અને ખેડૂતોના હિતોના રક્ષણની માંગ

## ડભોઈ તાલુકાના ૧૪ ગામો ના ખેડૂતો એ પાવર ગ્રીડ કંપની સામે મોરચો માંડી આવેદન પાઠવ્યું

(પ્રતિનિધિ) ડભોઈ, તા.26

ડભોઈ તાલુકાના પુનિયાદ, મેનપુરા,નાના ફોફળીયા સહિત ના 14 ગામોના ખેડૂતો એ પાવર ગ્રીડ કંપની સામે વળતર અને ખેડૂતો ના હિત મુદ્દે માંગણીઓ સાથે મોરચો માંડ્યો છે.અને મોટી સંખ્યા માં ખેડૂતો ભેગા થઈ સૂત્રોચ્ચારો પોકારી ડભોઈ સેવાસદન ખાતે પ્રાંત અધિકારીને આવેદન પાઠવ્યું હતું.

ડભોઈ તાલુકાના પુનિયાદ, મેનપુરા,નાના ફોફળીયા સહિત કાયાવરોહણ ની સીમ વિસ્તાર થી માંડીને પલસવાડા, ભીલાપુર સુધી ના સીમાડા ના ગામો ના ખેતી પર નભતા ખેડૂતો એ ખેત જમીન માંથી નીકળતી 765 કેવી ની હાઈ ટેન્શન લાઈન ને લઈ વિરોધ નોંધાવ્યો છે. જેમાં ગત તા - 04 જુલાઈ ના સરકાર ધ્વારા જાહેર કરાયેલા પરિપત્ર માં ખેડૂતો,ખેત મજૂરો તેમજ ઢોર ઢાખર માટે પણ જોખમ સામે વીમા કવચ પણ આપવામાં આવેલ નથી.તેમજ પચ્ચીસ વર્ષ બાદ આગળ ની કાર્યવાહી માટે ની પણ પરિપત્ર માં ચોખવટ કરેલ નથી.પાવર ગ્રીટ નો પ્રોજેક્ટ કોમર્શિયલ હોવા છતાં તેના ચોક્કસ હેતુ નો પણ પરિપત્ર માં કોઈ



ઉલ્લેખ કરાયેલ નથી.ખેડૂતો પર 1885 નો અંગ્રેજો નો કાયદો લાગુ કરાયેલ હોય તેનો વિરોધ કરીએ છે.તેમજ સરકાર અને ખેડૂતો વચ્ચે મધ્યસ્થી કરનાર પેનલ પણ સરકારે નક્કી કરેલ લોકો ની જ હોય તે સામે પણ વિરોધ હોવાનો ઉલ્લેખ કરી વિવિધ માંગણીઓ સાથે મોટી સંખ્યામાં ખેડૂતો એ સૂત્રોચ્ચારો પોકારી વિરોધ નોંધાવી પ્રાંત અધિકારીને આવેદન પાઠવ્યું હતું.

## પાદરામાં 'હર ઘર સ્વદેશી' મેળો યોજાયો, ૫૦ સ્ટોલ ઊભા કરાયા

**વેપારીઓ,** કારીગરો અને મહિલા સ્વસહાય જૂથોને પ્રોત્સાહન

(પ્રતિનિધિ) પાદરા, તા. 26

પાદરા નગરપાલિકા દ્વારા સ્થાનિક વેપારીઓ, કારીગરો, નાના ઉદ્યોગો અને મહિલા સ્વસહાય જૂથોને પ્રોત્સાહન આપવા 'હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી' અને 'વોકલ ફોર લોકલ'ના સંદેશ સાથે સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. મેળાનું રિબીન કાપીને ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. તેમાં સ્થાનિક ઉત્પાદનોના પ્રદર્શન અને વેચાણ માટે આશરે 50 સ્ટોલ ઊભા કરાયા છે.

ઉદ્ઘાટન પ્રસંગે નગરપાલિકાનાં ઉપપ્રમુખ ઈલાબેન જોશી, દંડક નરેશભાઈ અગ્રવાલ, મહેશભાઈ પરમાર, ચેતન રાણા, દીપક રાવળ, ચીફ ઓફિસર સંજય પટેલ, ભાજપ શહેર પ્રમુખ જતીન જાદવ સહિત નગરસેવકો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ તથા ગુજરાત શહેરી આજીવિકા મિશનના ઉદ્દેશોને અનુરૂપ યોજાયેલા મેળાનો હેતુ સ્થાનિક ઉત્પાદકોને બજાર પૂરું પાડવા, સ્વદેશી વસ્તુઓના વપરાશને પ્રોત્સાહન આપવા અને રોજગારની તકો વધારવાનો છે.

સ્થાનિક ઉત્પાદનોની ખરીદીથી નાના વેપારીઓ, કારીગરો અને મહિલાઓની આજીવિકાને ટેકો મળશે. 'લોકલ ટુ ગ્લોબલ' અને 'આત્મનિર્ભર ભારત-સમૃદ્ધ ભારત'ના સંદેશ સાથે નગરજનોને સ્થાનિક સ્ટોલમાંથી ખરીદી કરવા અપીલ કરાઈ છે.

### મહારાષ્ટ્ર, તેલંગાણા, કેરળ અને કર્ણાટકના પોલીસ જવાનો જોડાયા

## 'ફાઈટ અગેન્સ્ટ ડ્રગ્સ'ની થીમ સાથે વિવિધ રાજ્યોના પોલીસ જવાનોની બાઈક રેલીનું નર્મદા જિલ્લામાં આગમન

(પ્રતિનિધિ) કેવડિયા, તા.26

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે નર્મદા જિલ્લામાં યોજાનારા રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે 'ફાઈટ અગેન્સ્ટ ડ્રગ્સ' થીમ આધારિત નેશનલ મોટરસાઈકલ રેલી નર્મદા જિલ્લામાં આવી પહોંચી હતી. રેલીનો હેતુ રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને નશામુક્તિનો સંદેશ ફેલાવવાનો છે.

મહારાષ્ટ્ર, તેલંગાણા, કેરળ અને કર્ણાટક સહિત વિવિધ રાજ્યોના પોલીસ અધિકારીઓ અને જવાનો બાઈક રેલીમાં જોડાયા છે. લાંબું અંતર કાપીને આવેલા જવાનોએ માર્ગમાં વિવિધ સ્થળોએ ડ્રગ્સ વિરોધી



જનજાગૃતિનો સંદેશ આપ્યો હતો. વિવિધ ભાષા અને સંસ્કૃતિ ધરાવતા રાજ્યોના જવાનોની સહભાગિતાએ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને ઉજાગર કરી હતી.

નર્મદા જિલ્લામાં પ્રવેશતાં જૂના રાજુવાડિયા ગામે ગ્રામજનો અને જિલ્લા પોલીસ તંત્ર દ્વારા રેલીનું પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. બાઈક સવારોને કુમકુમ તિલક કરી, પુષ્પવર્ષા અને હારતોરાથી આવકારવામાં આવ્યા હતા.

રેલીમાં જોડાયેલા જવાનોમાં રાષ્ટ્રીય એકતા દિવસને લઈને ઉત્સાહ જોવા મળ્યો હતો. આ રેલી દ્વારા યુવાધનને નશાના દૂષણથી દૂર રહેવા અને નશામુક્ત સમાજના નિર્માણ માટે પ્રેરિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## સગર્ભા માતાઓના સ્વાસ્થ્ય રક્ષામાં વડોદરા જિલ્લાની ઊંચી ઉડાન

**'એનિમિયા** મુક્ત ભારત' અભિયાનમાં રાજ્યમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી મેળવ્યો ગૌરવવંતો એવોર્ડ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 26

'એનિમિયા મુક્ત ભારત' અભિયાન અંતર્ગત વડોદરા જિલ્લાએ આરોગ્ય ક્ષેત્રે એક મોટી સફળતા હાંસલ કરી છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન જિલ્લાની તમામ સગર્ભા માતાઓને આયર્ન અને ફોલિક એસિડની ગોળીઓ પૂરી પાડવાની ઉમદા કામગીરીમાં વડોદરા જિલ્લો સમગ્ર ગુજરાત રાજ્યમાં દ્વિતીય ક્રમે રહ્યો છે. ગાંધીનગર ખાતે યોજાયેલ કાર્યક્રમ દરમિયાન જિલ્લાની આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ વડોદરા જિલ્લાની આરોગ્ય ટીમને સત્તાવાર રીતે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી આગવી વ્યૂહરચના, વિવિધ સરકારી વિભાગો વચ્ચેનું શ્રેષ્ઠ આંતરવિભાગીય સંકલન અને ક્ષેત્ર સ્તરે કરવામાં આવેલા સતત મોનિટરિંગને કારણે આ મહત્વપૂર્ણ લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકાયો છે. સમગ્ર આરોગ્ય ટીમે આ સરકારી અભિયાનને એક જનઆંદોલનનું સ્વરૂપ આપીને જિલ્લામાં તેનું સફળતાપૂર્વક અમલીકરણ કર્યું છે.

'એનિમિયા મુક્ત ભારત' અભિયાન અત્યંત નિર્ણાયક સાબિત થઈ રહ્યું છે. લોહીમાં હિમોગ્લોબિનની ઉણપ એટલે કે એનિમિયાના કારણે થતો થાક, શારીરિક નબળાઈ અને રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો જેવી ગંભીર સમસ્યાઓ સગર્ભા માતાના સ્વાસ્થ્ય તેમજ ગર્ભસ્થ બાળકના સામાન્ય વિકાસને અવરોધે છે.

## વડુ ચોકડી પાસે કારની ટક્કરે બાઈકસવાર પરિવારના ત્રણ સભ્યો ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) પાદરા, તા.26

વડુ ગામની ચોકડી પાસે પાદરા-જંબુસર હાઈવે પર પૂરઝડપે આવતી અલ્ટ્રોઝ કારના ચાલકે બાઈકને ટક્કર મારતાં એક જ પરિવારના ત્રણ સભ્યો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતમાં પિતા અને પત્નીને ફ્રેક્ચર સહિતની ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે એક વર્ષની બાળકી પણ ઘાયલ થઈ હતી. પોલીસ ફરિયાદ મુજબ, વડુના મહીજીપુરામાં રહેતા આરીફભાઈ કાશમભાઈ સીંધા (ઉં.વ. 26) તા. 24 ઓક્ટોબરે પત્ની નફીશાબેન (ઉં.વ. 23) અને પુત્રી કૌશલ સાથે બાઈક પર ભોજ ગામે સાસરીમાં જવા નીકળ્યા હતા. વડુ ચોકડી પાસે કારચાલકે બાઈકને ટક્કર મારતાં ત્રણેય રોડ પર પટકાયા હતા. તેમને વડુની માધવ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. આ બનાવ અંગે વડુ પોલીસે ભરૂચ જિલ્લાના હાંસોટના ભાગ્યેશકુમાર પટેલ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.